# ઔદ્યોગિક તાલીમ સંસ્થા-જુનાગઢ

# જાહેરાત

**પ્રવાસી સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટરની માનદ સેવાઓ આમંત્રિત કરવા બાબત**

રોજગાર અને તાલીમ ખાતા નિયંત્રણ હેઠળની રાજ્યની સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા – જુનાગઢ મુ. બિલખા રોડ - જુનાગઢમાં **Health Sanitary Inspector** અને **STENO-CUM-COMPUTER OPERATOR (GUJARATI)ના** વ્યવસાયોમાં સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટરની નિયમિત જગ્યાઓ ન ભરાય ત્યાં સુધી વચગાળાની વ્યવસ્થારૂપે પ્રવાસી સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટર(મુલાકાતી સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટર)ની માનદ્ સેવાઓ માટે રસ ધરાવતા ઉમેદવારો પાસેથી અરજી મંગાવવામાં આવે છે. પિરીયડ દીઠ રૂ. ૯૦/- લેખે મહત્તમ દૈનિક પિરીયડ ૬ કલાક્ લેખે મહત્તમ દૈનિક માનદ્ વેતન રૂ.૫૪૦/-ના દરે માસિક રૂ.૧૪૦૪૦/- થી વધુ નહીં તે રીતે માનદ્ વેતન ચુકવવામાં આવશે.ઉમેદવારોએ શૈક્ષણિક લાયકાત, અનુભવ સાથેની વિગતવાર અરજી તથા તમામ આધારભુત પુરાવાઓ રજૂ કરવાના રહેશે.અરજી ફોર્મમાં સંપર્ક નંબર આપવો ફરજિયાત રહેશે. લાયકાતના ધોરણો NCVT દ્વારા નિયત થયેલ જે તે ટ્રેડના સિલેબસ મુજબ તથા ખાતાના પ્રવર્તમાન ભરતી નિયમો મુજબ રહેશે.આથી લાયકાત ધરાવતા ઉમેદવારોએ નીચે દર્શાવેલ સરનામે સંપર્ક કરવા વિનંતી. CITSપાસ ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવશે.

આ સંપૂર્ણ પ્રક્રિયા મેરીટ આધારિત રહેશે.પ્રવાસી સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટર તરીકે આવનાર ઉમેદવારોનો કોઈ અન્ય સેવા વિષયક હક્કદાવો રહેશે નહીં તે મુજબનું લેખિતમાં એફીડેવિટથી બાંહેધરી પત્ર આપવાનું રહેશે.ઉમેદવારે તમામ પુરાવાની સ્વ-પ્રમાણિત નક્લો સાથે અરજી રૂબરૂ / RPAD થી જ કરવાની રહેશે. આ અંગેની વધુ માહિતી સંસ્થા ખાતે રૂબરૂ કચેરી સમય દરમ્યાન(જાહેર રજાના દિવસો સિવાય) અથવા સંસ્થાની વેબસાઈટ www.itijunagadhmahila.org પરથી અને દૂરભાષ નંબર (૦૨૮૫)૨૬૨૦૩૮૫ ઉપર સંપર્ક કરવાથી મેળવી શકાશે.સમયમર્યાદા બાદ મળેલ અરજી ધ્યાને લેવામાં આવશે નહીં તેની સર્વે ઉમેદવારોએ નોંધ લેવી.

**સંસ્થામાં અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ:** તા.૩૦/૦૯/૨૦૨૨ ૧૭:૦૦ કલાક સુધી

**અરજી મોકલવાનું અને મુલાકાત નું સરનામું:** **સહી/-**

આચાર્યશ્રીની કચેરી — અધ્યક્ષ,પસંદગી સમિતી

ઔદ્યોગિક તાલીમ સંસ્થા, — ઔદ્યોગિક તાલીમ સંસ્થા-જુનાગઢ

જુનાગઢ બિલખા રોડ – જુનાગઢ ૩૬૨૦01,

માહિતી/જુના/જા.ખ./